ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય - મનોવિજ્ઞાન

પ્રથમ પરીક્ષા

# પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

## હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 15 | 10 | 05 | 05 | 50 |
| ટકા (%) | 30 | 30 | 20 | 10 | 10 | 100 |

## પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | 27 | 34 | 50 |

## પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | મનોવિજ્ઞાન : એક વિજ્ઞાન | 13 |
| 2. | અભ્યાસપદ્ધતિઓ | 12 |
| 3. | માનવવિકાસ | 13 |
| 4. | વર્તનનાં જૈવીય આધારો | 12 |
| | કુલ ગુણ | 50 |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય - મનોવિજ્ઞાન

પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | 10 |
| 1 થી 10 | નીચેના 1 થી 10 સુધીના પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) | |
| | વિભાગ - B | 05 |
| 11 થી 15 | નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ) | |
| | વિભાગ - C | 10 |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (પ્રત્યેકના 2 ગુણ) | |
| | વિભાગ - D | 15 |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 03 ગુણ)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો. | |
| | વિભાગ - E | 10 |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 02 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો. (પ્રત્યેકના 05 ગુણ)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો. | |
| | કુલ ગુણ | 50 |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય - મનોવિજ્ઞાન

## દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 15 | 10 | 05 | 05 | 50 |
| ટકા (%) | 30 | 30 | 20 | 10 | 10 | 100 |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

### પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | મનોવિજ્ઞાન : એક વિજ્ઞાન | 03 |
| 2. | અભ્યાસપદ્ધતિઓ | 04 |
| 3. | માનવવિકાસ | 04 |
| 4. | વર્તનનાં જૈવીય આધારો | 04 |
| 5. | બોધાત્મક પ્રક્રિયાઓ | 08 |
| 6. | સ્મરણ અને વિસ્મરણ | 09 |
| 7. | ભાષા અને પ્રત્યાયન | 09 |
| 8. | વ્યક્તિત્વ | 09 |
| | કુલ ગુણ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય - મનોવિજ્ઞાન

## દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | 10 |
| 1 થી 10 | નીચેના 1 થી 10 સુધીના પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) | |
| | વિભાગ - B | 05 |
| 11 થી 15 | નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (પ્રત્યેકનો 1 ગુણ) | |
| | વિભાગ - C | 10 |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (પ્રત્યેકના 02 ગુણ) | |
| | વિભાગ - D | 15 |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 05 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 03 ગુણ)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો. | |
| | વિભાગ - E | 10 |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 02 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો. (પ્રત્યેકના 05 ગુણ)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો. | |
| | કુલ ગુણ | 50 |

નોંધ : (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય - મનોવિજ્ઞાન

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

### હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 25 | 25 | 10 | 10 | 10 | 80 |
| ટકા (%) | 31.25 | 31.25 | 12.50 | 12.50 | 12.50 | 100 |

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 03 | 05 | 15 |
| | **કુલ** | **44** | **53** | **80** |

### પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પાઠ/પ્રકરણનું નામ | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
|---|---|---|---|
| 1. | મનોવિજ્ઞાન : એક વિજ્ઞાન | 10 | 10 |
| 2. | અભ્યાસપદ્ધતિઓ | 07 | 09 |
| 3. | માનવવિકાસ | 08 | 11 |
| 4. | વર્તનનાં જૈવિક આધારો | 07 | 09 |
| 5. | બોધાત્મક પ્રક્રિયાઓ | 08 | 08 |
| 6. | સ્મરણ અને વિસ્મરણ | 07 | 10 |
| 7. | ભાષા અને પ્રત્યાયન | 09 | 17 |
| 8. | વ્યક્તિત્વ | 07 | 09 |
| 9. | પ્રેરણા અને આવેગ | 09 | 16 |
| 10. | ચેતનાની બદલાયેલી અવસ્થા | 08 | 08 |
| | **કુલ ગુણ** | **80** | **107** |

નોંધ : ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

વિષય - મનોવિજ્ઞાન

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | 16 |
| 1 થી 16 | નીચેના પ્રશ્નક્રમાંક 1 થી 16 સુધીના પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપો. (પ્રત્યેકનો 01 ગુણ) | |
| | વિભાગ - B | 08 |
| 17 થી 24 | નીચેના પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (પ્રત્યેકના 02 ગુણ) | |
| | વિભાગ - C | 20 |
| 25 થી 38 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (પ્રત્યેકના 02 ગુણ) | |
| | વિભાગ - D | 21 |
| 39 થી 48 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 07 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (પ્રત્યેકના 03 ગુણ)<br>**નોંધ : એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | |
| | વિભાગ - E | 15 |
| 49 થી 53 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 03 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો. (પ્રત્યેકના 05 ગુણ)<br>**નોંધ : એક પ્રશ્ન કેસસ્ટડી આધારિત પૂછવો.** | |
| | કુલ ગુણ | 80 |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

# વિષય - મનોવિજ્ઞાન

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** ગુણ : 80

---

સૂચનાઓ :

- આ પ્રશ્નપત્રમાં A, B, C, D અને E કુલ પાંચ વિભાગો છે.
- આ પ્રશ્નપત્રમાં કુલ 53 પ્રશ્નો છે.
- પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
- પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
- નવો વિભાગ નવા પાના પર લખવો.

---

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 16 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** [16]

1. અચેતન મનનો સિદ્ધાંત કોણે આપ્યો ?

   (A) કોહલર (B) વોટ્સન

   (C) ફ્રોઈડ (D) જેમ્સ

2. શિક્ષક વર્ગખંડમાં પ્રવેશે ત્યારે વિદ્યાર્થીઓ વાતો કરતા હોય છે. પરંતુ શિક્ષકના આવવા સાથે બધા જ વિદ્યાર્થીઓ ઊભા થાય છે. તો શિક્ષક માટે નીચેનામાંથી કયો વિકલ્પ ઉચિત છે ?

   (A) ઉદ્દીપક (B) પ્રતિક્રિયા

   (C) ઉદ્દીપક - પ્રતિક્રિયા (D) ભવિષ્યકથન

3. કોઈ આદિમ જાતિનો બારીકાઈથી અભ્યાસ કરવા માટે મનોવૈજ્ઞાનિક તે જ જૂથનો સભ્ય બનીને માહિતી મેળવે તો આ કયા પ્રકારનાં નિરીક્ષણનું ઉદાહરણ બને ?

   (A) તુલનાત્મક નિરીક્ષણ (B) સહભાગી નિરીક્ષણ

   (C) આંતર નિરીક્ષણ (D) વ્યવસ્થિત નિરીક્ષણ

4. જીન પિયાંજએ વિકાસનાં કેટલાં તબક્કાઓ દર્શાવ્યાં છે ?

   (A) ત્રણ (B) ચાર

   (C) પાંચ (D) છ

5. રિધમ પોતાની બિમારીના કારણે ડૉક્ટર હાથીભાઈ સાહેબ પાસે જાય છે અને પોતાની માંદગીનાં લક્ષણો વર્ણવે છે. ડૉ. હાથીભાઈ સાહેબ પોતાનાં પૂર્વ અનુભવને આધારે રિધમને દવા આપે છે. આ સમસ્યા ઉકેલની કઈ વ્યૂહરચના કહેવાય ?

   (A) અલગોરિધમ (B) હ્યુરિસ્ટિકસ

   (C) સમસ્યા અવકાશ (D) પ્રયત્ન અને ભૂલ

6. ગર્ભાધાન સમયે રંગસૂત્રોની કેટલી જોડી હોય છે ?

(A) 46 (B) 22

(C) 23 (D) 47

7. પરીક્ષાના દિવસોમાં તમે રાત્રે વાંચી રહ્યા છો. અચાનક તમારા રૂમનો લૅમ્પ કે ટ્યુબલાઇટ બંધ થઈ જાય છે. આથી બે સમસ્યાઓ ઊભી થાય છે. પ્રથમ તો એ કે લૅમ્પ કે ટ્યુબલાઈટ બંધ કેમ થઈ ? અને બીજી એ કે કઈ રીતે તેને ફરી ચાલુ કરી શકાય. જેથી વાચવાનું આગળ વધે. તમે તમારા મનમાં કેટલાય તર્ક કરશો અને વિચારશો કે લાઈટ ચાલી ગઈ છે. પરંતુ પાડોશીની લાઈટ ચાલુ છે. આથી સ્વિચનો ફ્યુઝ ઊડી ગયો હશે તેવું અનુમાન કરો છો. ઘરનાં અન્ય રૂમમાં લાઇટ ચાલુ છે. તેવું તમને લાગે છે ત્યારે તમે તમારા લૅમ્પનું હોલ્ડર કે સ્વિચ બગડી હશે કે ટ્યુબલાઈટનાં સ્ટાર્ટરમાં કંઈક ખરાબી ઊભી થઈ હશે. એવા નિષ્કર્ષ પર પહોંચીએ છીએ. બોધાત્મક પ્રક્રિયાની આ કઈ માનસિક ક્રિયા છે ?

(A) તર્કક્રિયા (B) સંકલ્પના

(C) વિચારણા (D) અલગોરિધમ

8. જો શાળામાંથી પરીક્ષા નાબૂદ કરી દેવામાં આવે તો શું થાય ? આમાં કેવા પ્રકારની વિચારણાની જરૂરિયાત પડે છે ?

(A) વિકેન્દ્રી વિચારણા (B) કેન્દ્રગામી વિચારણા

(C) સર્જનાત્મક વિચારણા (D) કાલ્પનિક વિચારણા

9. ટેલિફોન કરવા માટે ટેલિફોનની ડાયરીમાં નંબર જોઈ અને આ નંબરને ડાયલ કરવા માટે થોડી ક્ષણો માટે યાદ રાખીએ પછી ભુલાઈ જાય છે ? તો આ સ્મૃતિનો કયો પ્રકાર થાય ?

(A) લાંબાગાળાની સ્મૃતિ (B) ટૂંકાગાળાની સ્મૃતિ

(C) સાંવેદનિક સ્મૃતિ (D) રીતિલક્ષી સ્મૃતિ

10. ભાષાનાં નાનામાં નાના અર્થપૂર્ણ એકમને શું કહે છે ?

(A) ફોનેમ (B) સિન્ટેક્ષ

(C) મોર્ફિમ (D) સિમેન્થીક્સ

11. સંકેતો કે સંદેશાઓને મોકલવાની અને ઝીલવાની પ્રક્રિયા એટલે .........

(A) વાણી (B) ભાષા

(C) પ્રતિપૃષ્ટિ (D) પ્રત્યાયન

12. સુપર ઇગોની સમજૂતી કોણે આપેલી છે ?

(A) ફ્રોઇડ (B) રોઝર્સ

(C) જેમ્સ (D) એટ્કિન્સન

13. 'ઇરણ' શબ્દનો ઉપયોગ કોણે કર્યો છે ?

(A) ગેરેટ (B) મેકડૂગલ

(C) વુડવર્થ (D) ગીલ્ફર્ડ

14. વૃક્ષો પોતાને પથ્થર મારનાર વ્યક્તિને પણ મધુર ફળ આપી તૃપ્ત કરે છે. વાદળ વરસે ત્યારે કોઈની પાસે આભારની અપેક્ષા રાખતું નથી. આ ઉદાહરણને આવેગ નિયમનનો કયો માર્ગ ગણાવી શકાય ?

(A) સ્વ-જાગૃતિમાં વધારો (B) આત્મનિરીક્ષણ કરવું

(C) પરાનુભૂતિ કેળવણી (D) સર્જનાત્મક બનવું

15. ખાવું, પીવું, બોલવું, ચાલવું, દોડવું, જોવું સાંભળવું, વિચારવું વગેરે જેવા જે કંઈ પણ વર્તનો આપણી ઇચ્છાથી સભાનતાપૂર્વક કરીએ છીએ. તેને ચેતનાની કઈ અવસ્થા ગણાવી શકાય ?

(A) સભાન અવસ્થા (B) બિનસભાન અવસ્થા

(C) પૂર્વ સભાન અવસ્થા (D) નિમ્ન સભાન અવસ્થા

16. ભાવાતીત ધ્યાનમાં પ્રણેતા કોણ છે ?

(A) મહર્ષિ પતંજલિ (B) મહર્ષિ રમણ

(C) મહર્ષિ અરવિંદ (D) મહર્ષિ મહેશ યોગી


## વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** [08]

17. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા કોણે અને ક્યાં સ્થાપી ?

18. અમિતનો બુદ્ધિઆંક તપાસવા માટે તેને એક કસોટી એક મહિના પહેલાં આપી હતી. તેમાં તેનો બુદ્ધિઆંક 110 આવ્યો અને પહેલાં આપેલ કસોટીના લગભગ એક મહિના પછી ફરી તેની તેજ કસોટી આપવામાં આવે અને આ વખતે પણ અમિતનો બુદ્ધિઆંક 110ની આસપાસ આવે છે. તો મનોવૈજ્ઞાનિક કસોટીનું આ કયા પ્રકારનું લક્ષણ ગણાવી શકાય ?

19. વિકાસને અસર કરતાં પરિબળો જણાવો.

20. 


ઉપરોક્ત આકૃતિ પરથી બાળકની જાતિ નક્કી કરવા માટે કોનું રંગસૂત્ર નિર્ણાયક બને છે ?

21. શેખચલ્લીની વાર્તાઓ કઈ બોધાત્મક પ્રક્રિયાનું ઉદાહરણ છે ?

22. સ્મૃતિના તબક્કા જણાવો.

23. પોતાનાં વિચારોમાં મગ્ન રહેવું, એકલા રહેવાનું પસંદ કરે છે, શરમાળ છે. જ્યારે સંઘર્ષો ઊભા થાય ત્યારે પોતાના કોચલામાં ભરાઈ જાય છે. તો પ્રકાશ કેવા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે ?

24. અષ્ટાંગ યોગના પ્રણેતા કોણ હતા ?

## વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : [20] (દરેકના 2 ગુણ)**

25. મનોવિજ્ઞાનનો શબ્દાર્થ સમજાવો.

26. નિરીક્ષણ એટલે શું ?

27. મનોવૈજ્ઞાનિક ઘોંઘાટની સ્મૃતિક્ષમતા પર થતી અસરનો અભ્યાસ કરવા માંગે છે. તો પ્રસ્તુત પ્રયોગમાં સ્વતંત્ર અને આધારિત પરિવર્ત્યો જણાવો.

28. રમેશ ઊંચાઈ વજન અને આંખનાં રંગની બાબતમાં પોતાનાં માતા-પિતા સાથે સામ્યતા ધરાવે જ્યારે વાળ, ચામડીનો રંગ અને શરીરનાં બાંધામાં સામ્યતા ધરાવતો નથી. તો ઉપરોક્ત હકીકતના આધારે જનીન તત્ત્વોનાં પ્રકારો જણાવો.

29. સ્વયં સંચાલિત ચેતાતંત્રના પ્રકારો જણાવો.

30. જનીન તત્ત્વ એટલે શું ?

31. સર્જનાત્મક વિચારણાનાં સોપાનો જણાવો.

32. આદિત્યને પરીક્ષાખંડમાં અમુક પ્રશ્નોના જવાબ વાંચેલા હોવા છતાં વિસ્મરણ થઈ ગયેલ છે. તો આ વિસ્મરણનાં નિર્ધારકો જણાવો.

33. શાબ્દિક પ્રત્યાયન એટલે શું ?

34.



ઉપરોક્ત ચિત્ર જોઈ નીચેનાં પ્રશ્નોના જવાબ આપો :

(1) પ્રસ્તુત ચિત્ર કઈ મનોવૈજ્ઞાનિક કસોટીમાંથી લેવામાં આવેલ છે ?

(2) આપ આ ચિત્રો પરથી વ્યક્તિત્વનું માપન કરવા માટે કઈ રીતનો ઉપયોગ કરશો ?

**અથવા**

34 વિષય અધિપ્રત્યક્ષ કસોટી સમજાવો. **(ફક્ત દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે)**

35. સ્વનિયમનની પ્રવિધિઓ જણાવો.

36. તમે તમારા મિત્રને આવેગિક વર્તન કરતાં જુઓ છો. જેના કારણે તે આવાર-નવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે. મનોવિજ્ઞાનનાં વિદ્યાર્થી તરીકે તમે તમારા મિત્રને કયા કયા આવેગ નિયમનનાં માર્ગ બતાવશો ?

37. સત્તાવાદી શાસકોના નામ આપો.

38. અષ્ટાંગ યોગના કોઈ પણ ચાર પગથિયાં જણાવો.

## વિભાગ - D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 07 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :** [21]
**(દરેકના 03 ગુણ)**

39. મનોવૈજ્ઞાનિક ઉત્તરાંચલમાં થયેલ પૂર પ્રકોપનું નિરીક્ષણ જે તે સ્થળ પર જઈને કરે છે. તો આ કયા પ્રકારનું નિરીક્ષણ છે. તેનાં લાભ અને મર્યાદા જણાવો.

40. વિકાસની પ્રક્રિયા તબક્કાવાર વર્ણવો.

41. દુર્ગાનંદ સિંહાનું પ્રતિમાન સમજાવો.

42. રંગસૂત્રો વિશે ટૂંકનોંધ લખો.

43. નિગમનલક્ષી તર્કક્રિયા ઉદાહરણ સાથે લખો. (સમજૂતી આપો.)


44. સ્મૃતિ અવરોધનાં પ્રકાર જણાવી પૂર્વક્રિયા અવરોધ વિશે ટૂંકનોંધ લખો.

45. સ્મૃતિ એટલે શું ? રીતિલક્ષી સ્મૃતિ ઉદાહરણ સાથે સમજાવો.

46. પ્રથમે શાળા કક્ષાએ આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ છે. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રેષક તરીકે બોલવા માટે કયા કૌશલ્યોને ધ્યાનમાં રાખવા પડશે.

47. મદ્ય (દારૂ) પાન કરવાથી વ્યક્તિમાં કેવા પ્રકારનાં શારીરિક અને માનસિક (બોધાત્મક) ફેરફારો થાય છે. તે જણાવો. આ લક્ષણોને આધાર મદ્ય (દારૂ)ને કેવા પ્રકારનાં ઔષધમાં મૂકી શકાય ?

48. નીચે આપેલ કાર્લ રોજર્સના સ્વ-સિદ્ધાંતની આકૃતિ પરથી માંગ્યા મુજબ જવાબ આપો : (કેસસ્ટડી આધારિત પ્રશ્ન)




A (સારું આયોજન) B (નબળું આયોજન)

ઉપરોક્ત આકૃતિને આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. વ્યક્તિનું સમાયોજન નબળું ક્યારે ગણાય ?
2. ઉપરોક્ત આકૃતિ મુજબ સારા સમાયોજન અને નબળા સમાયોજન વચ્ચેનો તફાવત જણાવો.
3. ઉપરોક્ત આકૃતિ મુજબ સારા માનસિક સ્વાસ્થ્ય માટે તમારા મતે શુ જરૂરી છે ?

**અથવા**

48. મનોવૈજ્ઞાનિક કાર્લ રોજર્સનો સ્વ-સિદ્ધાંત સમજાવો. **(ફક્ત દષ્ટિહીન વિદ્યાર્થી માટે)**

## વિભાગ - E

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈ પણ 03 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો : (દરેકના 5 ગુણ)** [15]

49. મનોવિજ્ઞાન એટલે શું ? તેનું સ્વરૂપ સમજાવો.

50. ભાષાની વ્યાખ્યા જણાવી, ભાષાનાં લક્ષણો વર્ણવો.

51. પ્રત્યાયનની પ્રક્રિયાનાં લક્ષણો સમજાવો.

52. શારીરિક પ્રેરણાનાં પ્રકારો જણાવી કોઈ પણ બે સમજાવો.

53. નીચે આપેલા ફકરા પરથી માંગ્યા મુજબ પ્રશ્નોના જવાબ લખો : **(કેસસ્ટડી આધારિત પ્રશ્નો)**

    સમીરા દરેક કાર્ય ખૂબ જ ખંત, ઉત્સાહ અને ધગશથી કરે છે, કારણ કે તે પોતાનાં ધ્યેય, લક્ષ્ય, ઝંખના, જરૂરિયાત અને હેતુ પ્રત્યે સભાન છે અને તે પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. તેનું મુખ્ય કારણ એ છે કે સમીરા આંતરિક પ્રેરણાથી પ્રેરાયેલ છે. જે તેની ચોક્કસ પ્રવૃત્તિને ઉદ્દીપ્ત કરે છે. આથી સમીરા ચોક્કસ પ્રકારનું વર્તન કરે છે. જરૂરિયાતના ઉદ્ભવથી પ્રેરણાચક્ર જન્મે છે, જરૂરિયાતને કારણે ઇચ્છા જન્મે છે. જે વ્યક્તિને આંતરિક રીતે ઉત્તેજિત બળ પૂરું પાડે છે. ઉત્તેજનાને કારણે વ્યક્તિ લક્ષ્ય પ્રાપ્ત કરવા જરૂરી કાર્ય વર્તન કરે છે. જેથી વ્યક્તિ લક્ષ્ય સુધી પહોચે છે અને લક્ષ્ય પ્રાપ્ત થતાં વ્યક્તિ સંતોષની લાગણી અનુભવે છે અને ઉત્તેજનામાં ઘટાડો થાય છે. આમ પ્રેરણાચક્રિય સ્વરૂપ ધારણ કરે છે.

    1. પ્રેરણા માટે બીજા કયા સમાનાર્થી શબ્દો પ્રયોજી શકાય ?
    2. પ્રેરણાનાં ઉદ્ભવ માટે કયું તત્ત્વ જવાબદાર છે ?
    3. ઉપરોક્ત ફકરાને આધારે પ્રેરણાનું સ્વરૂપ જણાવો.
    4. ઇરણની વ્યાખ્યા જણાવો.
    5. ઉપરોક્ત ફકરાને સમજી પ્રેરણાચક્રની આકૃતિ દોરો.

    **અથવા**

    પ્રેરણાચક્ર વિશે સમજાવો. **(ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થી માટે)**

## શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

ધોરણ - 11

વિષય : મનોવિજ્ઞાન

### SECTION-A

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| 2 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | તપાસ અને સંશોધન કૌશલ્ય | PSY 1101 મ.વિ.ની સંકલ્પના સ્વરૂપ ધ્યેયો અભિગમો અને ક્ષેત્રો વિશે સમજે છે. |
| 3 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | તપાસ અને સંશોધન કૌશલ્ય | PSY 1101 મ.વિ.ની સંકલ્પના સ્વરૂપ ધ્યેયો અભિગમો અને ક્ષેત્રો વિશે સમજે છે. |
| 5 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PSY 1103 વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતાની સંકલ્પના, જુદી જુદી અવસ્થઆમાં થતા ફેરફારો, લક્ષણો અને વિકાસના સિદ્ધાંતો વિશે સમજે છે. |
| 7 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | |
| 8 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | ઉચ્ચ ક્રમની જ્ઞાનાત્મક ક્ષમતાઓ | |
| 9 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | ઉચ્ચ ક્રમની જ્ઞાનાત્મક ક્ષમતાઓ | PSY 1104 સ્મરણ અને વિસ્મરણની સંકલ્પના તબક્કા વિશે જાણે છે |
| 14 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | પર્યાવરણીય સાક્ષરતા | PSY 1108 વિદ્યાર્થી પ્રેરણા અને આવેગ વિશે વિગતવાર માહિતી સમજે છે |
| 15 | બહુવિકલ્પી પ્રશ્નો | 1 | જ્ઞાન અને કૌશલ્યનું એકીકરણ | PSY 1109 ધ્યાન એ ચેતનાની બદલાયેલી અવસ્થા વિશે મનો ઔષધોથી બદલાયેલી અવસ્થા તથા ચેતના અંગે ભારતીય વિચારને સમજે છે. |

## SECTION-B

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| 18 | એક વાક્યમાં જવાબ આપો. | 1 | તપાસ અને સંશોધન કૌશલ્ય | PSY 1102 સમગ્ર અભ્યાસ પદ્ધતિઓ અને મનોવૈજ્ઞાનિક કસોટી વિશે જાણે છે. |
| 20<br>21 | એક વાક્યમાં જવાબ આપો<br>એક વાક્યમાં જવાબ આપો. | 1<br>1 | સર્વાંગી વિકાસ<br>વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PSY 1103 વૃદ્ધિ વિકાસ અને પરિપક્વતાની સંકલ્પના જુદી જુદી અવસ્થામાં થાત ફેરફાર, લક્ષણો અને વિકાસના સિદ્ધાંતો વિશે સમજે છે. |
| 23 | એક વાક્યમાં જવાબ આપો | 1 | જ્ઞાન અને કૌશલ્યનું એકીકરણ | PSY 1107 વ્યક્તિત્વની સંકલ્પના, અભિગમો, પરિબળો વ્યક્તિત્વ માપન પદ્ધતિઓ અને જાણે છે. |

## SECTION-C

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| 27 | ટૂંકમાં જવાબ આપો | 2 | પર્યાવરણ જાગૃતિ | PSY 1102 સમગ્ર અભ્યાસ પદ્ધિતિએ અને મનોવૈજ્ઞાનિક કસોટી વિશે જાણે છે. |
| 28 | ટૂંકમાં જવાબ આપો | 2 | તપાસ અને સંશોધન કૌશલ્ય | PSY 1103 વૃદ્ધિ, વિકાસ અને પરિપક્વતાની સંકલ્પના જુદી જુદી અવસ્થામાં થતાં ફેરફારો, લક્ષણો અને વિકાસના સિદ્ધાંતો વિશે સમજે છે. |
| 32 | ટૂંકમાં જવાબ આપો | 2 | બોધાત્મક ક્ષમતા | PSY 1104 સ્મરણ અને વિસ્મરણ સંકલ્પના, તબક્કા વિશે જાણે છે. |
| 34 | ટૂંકમાં જવાબ આપો | 2 | જીવન અને કારકિર્દી કૌશલ્ય | PSY 1107 વ્યક્તિત્વની સંકલ્પના, અભિગમો, પરિબળો વ્યક્તિત્વ માપન પદ્ધતિઓ અને સ્વ વિશે જાણે છે. |

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| | | | **SECTION-D** | |
| 36 | ટૂંકમાં જવાબ આપો | 2 | સર્વાંગી વિકાસ | PSY 1108 વિદ્યાર્થી પ્રેરણા અને આવેગ વિશે વિગતવાર માહિતી સમજે છે. |
| 39 | મુદ્દાસર જવાબ આપો | 3 | તાપસ અને સંશોધન કૌશલ્ય | PSY 1102 સમગ્ર અભ્યાસ પદ્ધતિઓ અને મનોવૈજ્ઞાનિક કસોટી વિશે જાણે છે. |
| 46 | મુદ્દાસર જવાબ આપો | 3 | સંચાર કૌશલ્ય | PSY 1106 ભાષા, વાણી વિકાસ અને પ્રત્યાયનની સંપૂર્ણ માહિતી જાણે છે. |
| 47 | મુદ્દાસર જવાબ આપો | 3 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | PSY 1109 ધ્યાન એ ચેતનાની બદલાયેલી અવસ્થા વિશે મનોઔષધોથી બદલાયેલી અવસ્થા તથા ચેતના અંગે ભારતીય વિચારને સમજે છે. |
| 48 | મુદ્દાસર જવાબ આપો | 3 | શારીરિક અને માનસિક સુખાકારી | PSY 1107 વ્યક્તિત્વ, અભિગમો પરિબળો વ્યક્તિત્વ માપન પદ્ધતિઓ અને સ્વ વિશે જાણે છે. |
| | | | **SECTION-E** | |
| 53 | સવિસ્તાર જવાબ આપો | 5 | શારીરિક અને માનસિક સુખાકારી | PSY 1108 વિદ્યાર્થી પ્રેરણા અને આવેગ વિશે વિગતવાર માહિતી સમજે છે. |